| | | |
|---|---|---|
| Received on dt. | : | 22/12/2022 |
| Registered on dt. | : | 22/12/2022 |
| Decided on dt. | : | 07/10/2023 |
| Duration | : | Y. : M. D.<br>00 09 15 |

==========================================================

**મહે. કલ્યાણપુરના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. કલ્યાણપુર.**

==========================================================

**ફોજદારી કેસ નંબરઃ– ૧૩૨૯/૨૦૨૨.**
**આંક :–**

**<u>ફરિયાદી</u> :** સરકાર શ્રી

**<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી</u> :** માલાભાઈ ખીમાભાઈ વરમલ,
જાતે–ગઢવી, ઉંમર વર્ષ. ૫૦, ધંધો : ડ્રાઈવિંગ,
રહે. ભાટીયા ગામ,
તા.કલ્યાણપુર, જિ.દેવભૂમિ દ્વારકા.

**<u>ફરિયાદ પક્ષ તરફે :–વિ.એ.પી.પી. શ્રી જે. જે. રાધવાણી</u>**

**<u>આરોપી તરફે :– વિ.વ.શ્રી બી.પી.ત્રીવેદી</u>**

**<u>ગુનો :– પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબ...</u>**

**–: <u>ઠ રા વ</u> :–**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૨૭/૦૭/૨૦૨૨ ના રોજ કલાક ૧૮:૧૫ વાગ્યે આરોપીએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભાટીયા ગામમાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેર કાયદેસર દેશી પીવાનો દારૂ લિટર ૦૯ કિંમત રૂા. ૧૮૦/– નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી પ્રોહી. કલમ–૬૫એએ મુજબનો ગુનો કર્યા અંગેની ફરિયાદ આપવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના અંતે આરોપી સામે સદરહું

ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) સદરહું કામે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના–મુલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામા આવેલ છે. સદરહું કામના આરોપી સામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી વાંચી સમજાવી આંક–૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જે અન્વયે આરોપીએ પોતાના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે. આથી સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

**<u>ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૦૬ | પંચ સાહેદ હીરેનભાઈ લખમણભાઈ થારૂની જુબાની |
| (૨) | ૦૮ | તપાસ કરનાર અમલદાર હે.કો. રાજાભાઈ નાથાભાઈ ગોજીયાની જુબાની |
| (૩) | ૧૧ | ફરીયાદી પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયાની જુબાની |

**<u>ફરિયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | રેઈડ અંગેનું પંચનામું |
| (૨) | ૦૯ | પ્રોહી કલમ–૧૨૦ નો ઠરાવ |
| (૩) | ૧૨ | ફરીયાદ |

(૪) ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે પુરાવો પુરો થયેલાનું એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતીથી જાહેર કરતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો હોઈ આથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં આરોપીએ પોતાના વિરૂધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવી પોતે નિર્દોષ હોઈ છોડી મુકવા વિનંતી કરેલ છે. સદરહું કામે બચાવપક્ષ

તરફે સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલ નથી.

(૫) સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસની ઉપરોકત હકીકતે હાલના કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદાઓ ::–**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૨૭/૦૭/૨૦૨૨ ના રોજ કલાક ૧૮:૧૫ વાગ્યે આરોપીએ ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભાટીયા ગામમાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેર કાયદેસર દેશી પીવાનો દારૂ લિટર ૦૯ કિંમત રૂા. ૧૮૦/– નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી પ્રોહી. કલમ–૬૫એએ મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા સંદર્ભે કારણો અન્વયે કરેલ ચર્ચા મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

<u>**મુદ્દા નં.૧.**</u>

(૮.૧) સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, ફરિયાદ પક્ષ તરફે સદરહું કામે આંક–૧૧ થી ફરીયાદી પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓ એ સરતપાસમાં જણાવેલ છે કે, '' ગઈ તા. ૨૭/૦૭/૨૦૨૨ ના રોજ અમો તથા પો.હે.કો. આર. એન. ગોજીયા તથા પો.કો. મેહુલભાઈ મકવાણા સાથે ભાટીયા ટાઉનમાં કલાક

૧૬:૦૦ વાગયાથી પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૮:૦૦ વાગ્યે ભાટીયા હરસિધ્ધી સોસયાટીમાં આવતા અમોને ખાનગી રાહે હકીકત મળેલ કે અહી રહેતા માલા ખીમા વરમલ તેના રહેણાંક મકાને દેશી દારૂ રાખી વેચાણ કરે છે અને હાલમાં પણ તેની આ પ્રવૃતિ ચાલે છે જેથી બે રાહદારી પંચોના માણસો બોલાવી લઈ પંચો રૂબરૂ પ્રોહી કલમ–૧૨૦ નો ઝડતી ઠરાવ કરેલ ત્યાર બાદ કલાક ૧૮:૧૫ વાગ્યે તેના રહેણાંક મકાને ચેક કરતા મકાને કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી જેથી પંચો સાથે રાખી રહેણાંક મકાનની ઝડતી તપાસ કરતા ઓસરીના ખુણામાં એક પ્લાસ્ટીકની થેલી પડેલ હોય જેમા જોતા પ્લાસ્ટીકની પારદર્શક કોથળીઓ નંગ–૧૮ જે કોથળીઓના મોઢા ખોલી સુંઘી સુંઘાડી ખાત્રી કરતા તેમાંથી દેશી પીવાના દારૂની તીવ્ર વાસ આવતી હોય તેમાંથી એક સેમ્પલ બોટલ ભરી કિંમત રૂા. ૦૦–૦૦ ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને બાકીનો દેશી દારૂ આશરે લિટર ૦૯ જેટલો હોય જેની કિંમત રૂા.૧૮૦/– નો ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીએ પ્રોહી કલમ–૬૫એએ મુજબનો ગુનો કરેલ હોય અમોએ પો.હે.કો. આર. એન. ગોજીયા રૂબરૂની ફરીયાદ આપેલ જે ફરીયાદમાં મારી સહી છે જે હું ઓળખી બતાવી રજુ કરુ છુ. જે રજુ દા. આંક–૧૨'' તેવુ સરતપાસ દરમ્યાન જણાવેલ છે. તેઓની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ લખેલા નથી. એ વાત ખરી છે કે, પંચોના નામ હાલ મને યાદ નથી. એ વાત ખરી છેકે, રેડ દરમ્યાન આરોપી રૂબરૂ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે ત્યાં આજુ બાજુમાં અન્ય રહેણાંક મકાનો આવેલ છે. એ વાત ખરી છે કે, રેડ વાળી જગ્યાના માલિકના આધાર પુરાવા રેડ દરમ્યાન જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળા સ્થળે મે કોઈ લેખિત ફરીયાદ આપેલ નથી. એ વાત ખરી નથી કે, હું કયાંય રેઈડ માં ગયેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીના કબ્જામાંથી દેશીપીવાનો દારૂ મળી આવેલ નથી

પરંતુ કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપી ફરીયાદને સર્મથન કરવા ખોટી જુબાની આપું છું.'' આમ, સદરહું સાહેદે તેઓ ની સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૮.૨) વિશેષમાં સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૦૬ થી પંચ સાહેદ હીરેનભાઈ લખમણભાઈ થારૂની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે ઉપરોકત પંચ સાહેદે સંલગ્ન રેઈડ અંગેનાં પંચનામા ને સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી તેઓને ફરિયાદ પક્ષે ફરી ગયેલ જાહેર કરેલ છે તેમજ વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ઉલટતપાસ કરવા પરવાનગી આપેલ હોય, તે અન્વયે સુચક પ્રશ્નો પુછવા છતાં સદરહું પંચ સાહેદે સંલગ્ન પંચનામાની હકીકતને લેશ માત્ર સમર્થન આપેલ નથી. ત્યારે સદરહુ કામે આંક–૦૭ થી રજૂ રેઈડ અંગેનું પંચનામું યોગ્ય રીતે પુરવાર થતું નથી.

(૮.૩) વિશેષમાં સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૦૮ થી તપાસ કરનાર અમલદાર હે.કો. રાજાભાઈ નાથાભાઈ ગોજીયાની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે, ''ગઈ તા. ૨૭/૦૭/૨૦૨૨ ના રોજ અમો તથા પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયા તથા પો.કો. મેહુલભાઈ મકવાણા સાથે ભાટીયા ટાઉનમાં કલાક ૧૬:૦૦ વાગયાથી પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા કલાક ૧૮:૦૦ વાગ્યે ભાટીયા હરસિધ્ધી સોસયાટીમાં આવતા પો.કો. મેહુલભાઈ પોસ્તરીયાને ખાનગી રાહે હકીકત મળેલ કે અહી રહેતા માલા ખીમા વરમલ તેના રહેણાંક મકાને દેશી દારૂ રાખી વેચાણ કરે છે અને હાલમાં પણ તેની આ પ્રવૃતિ ચાલે છે જેથી અમોએ બે રાહદારી પંચોના માણસો બોલાવી લઈ પંચો રૂબરૂ પ્રોહી કલમ–૧૨૦ નો ઝડતી ઠરાવ કરેલ જે ઠરાવ આજ રોજ રજુ કરુ છુ જે રજુ દા. આંક–૦૯ ત્યાર બાદ કલાક ૧૮:૧૫ વાગ્યે તેના રહેણાંક મકાને ચેક કરતા મકાને કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી જેથી પંચો સાથે રાખી રહેણાંક મકાનની ઝડતી તપાસ કરતા ઓસરીના ખુણામાં એક પ્લાસ્ટીકની થેલી પડેલ હોય

જેમા જોતા પ્લાસ્ટીકની પારદર્શક કોથળીઓ નંગ–૧૮ જે કોથળીઓના મોઢા ખોલી સુંઘી સુંઘાડી ખાત્રી કરતા તેમાંથી દેશી પીવાના દારૂની તીવ્ર વાસ આવતી હોય તેમાંથી એક સેમ્પલ બોટલ ભરી કિંમત રૂા. ૦૦–૦૦ ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને બાકીનો દેશી દારૂ આશરે લિટર ૦૯ જેટલો હોય જેની કિંમત રૂા. ૧૮૦/– નો ગણી પંચનામાની વિગતે કબજે કરેલ અને આરોપીએ પ્રોહી કલમ–૬૫એએ મુજબનો ગુનો કરેલ હોય અમારી સાથેના પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયાએ અમારા રૂબરૂની ફરીયાદ આપેલ જે ફરીયાદ પી.એસ.ઓ. શ્રીએ ગુનો રજી કરી આગળની તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લીધેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલ તેમજ આરોપીને પકડવાનો બાકી હોય તા. ૧૨/૦૯/૨૦૨૨ ના કલાક ૦૯:૧૫ વાગ્યે ધોરણસર અટક કરેલ તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.'' તેવુ સરતપાસ દરમ્યાન જણાવેલ છે. તેઓની આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, આ કામેની ફરીયાદ મારા રૂબરૂની છે અને તપાસ કરનાર અમલદાર હું પોતે જ છું. એ વાત ખરી છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, પંચોના નામ હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે, આરોપીને અટક કર્યા અંગેનું પંચનામું અમોએ કરેલ નથી. એ વાત ખરી છેકે, પ્રોહી કલમ–૧૨૦ ના ઠરાવમાં ઠરાવ કર્યાનો સમય લખેલ નથી. એ વાત ખરી છેકે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે. એ વાત ખરી છે કે, રેડ દરમ્યાન આરોપી મળી આવેલ નથી. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન આરોપી પાસેથી આવો કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છેકે, સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં ખોટી ફરીયાદના આધારે ખોટી તપાસ કરી, ખોટુ ચાર્જશીટ કરી, ખોટી જુબાની આપુ છુ.'' આમ, સદરહું સાહેદે તેઓની સોગંદ ઉપરની જુબાની અન્વયે ઉપરોકત હકીકતો જણાવેલ છે.

(૯) સદરહું કામે ફરિયાદપક્ષ તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીએતો, આંક–૧૧ થી ફરિયાદી પો.કો. મેહુલભાઈ રામભાઈ પોસ્તરીયાની સોગંદ ઉપરની જુબાની અન્વયે સરતપાસમાં ફરિયાદપક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ લક્ષમાં લેતાં, એ બાબત સ્વિકારેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ લખેલા નથી. એ બાબત સ્વિકારેલ છે કે, પંચોના નામ હાલ તેઓને યાદ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, રેડ દરમ્યાન આરોપી રૂબરૂ મળી આવેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, બનાવ વાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે ત્યાં આજુ બાજુમાં અન્ય રહેણાંક મકાનો આવેલ છે. એ બાબત સ્વિકારેલ છે કે, રેડ વાળી જગ્યાના માલિકના આધાર પુરાવા રેડ દરમ્યાન જોયેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, બનાવવાળા સ્થળે તેઓએ કોઈ લેખિત ફરીયાદ આપેલ નથી. વિશેષમાં, જયારે સદરહું કામે ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ બન્ને પંચ સાહેદોએ ફરિયાદપક્ષને લેશ માત્ર સમર્થનકારક જુબાની આપેલ નથી, તેમજ પંચ સાહેદોએ માત્ર તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલ હોવાનું જણાવેલ હોય, ત્યારે ફરિયાદીની સોગંદ ઉપરની જુબાનીને પંચ સાહેદોના મૌખિક પુરાવાથી લેશ માત્ર સમર્થન મળતું નથી, તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરિયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી. વિશેષમાં સદરહું કામે આંક–૦૮ થી તપાસ કરનાર અમલદાર હે.કો. રાજાભાઈ નાથાભાઈ ગોજીયાની સોગંદ ઉપરની જુબાની અન્વયે સરતપાસમાં ફરિયાદ પક્ષને સમર્થનકારક હકીકતો જણાવેલ છે પરંતુ તેઓની ઉલટ તપાસ લક્ષમાં લેતાં, એ બાબત સ્વિકારેલ છે કે, આ કામેની ફરીયાદ તેઓના રૂબરૂની છે અને તપાસ કરનાર અમલદાર તેઓ પોતે જ છે. એ બાબત સ્વિકારેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, પંચોના નામ હાલ તેઓને યાદ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, આરોપીને અટક કર્યા અંગેનું પંચનામું તેઓએ કરેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, પ્રોહી કલમ–૧૨૦ ના

ઠરાવમાં ઠરાવ કર્યાનો સમય લખેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે. એ બાબત સ્વિકારેલ છે કે, રેડ દરમ્યાન આરોપી મળી આવેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, તપાસ દરમ્યાન આરોપી પાસેથી આવો કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. એ બાબત સ્વિકારેલ છે કે, સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. વિશેષમાં, હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો શા માટે લીધેલા નથી તે અંગે કોઈ વ્યાજબી કારણ પણ આપેલ નથી. આમ, સદરહું કામે તટસ્થ અને સ્વતંત્ર સાહેદી પુરાવાનો અભાવ છે. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં, પોલિસ સાહેદોની જુબાનીને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાનીથી કોઈ સમર્થન મળેલ નથી તેમજ પંચ સાહેદોનો પુરાવો પોલિસ સાહેદોની જુબાનીથી તદ્દન વિરૂધ્ધનો જણાય આવે છે. એવા સંજોગોમાં જયારે પોલીસ સાહેદો કે જે ફરિયાદ પક્ષના હિત ધરાવનાર સાહેદ હોય, ત્યારે ફકત પોલિસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેમજ પંચોની હાજરીમાં પંચનામામાં જણાવેલ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેવું ફરિયાદ પક્ષના પુરાવાથી સાબિત થતું નથી. વિશેષમાં ફરિયાદપક્ષનો પુરાવો લક્ષમાં લેતાં, રેડ વાળી જગ્યા આરોપીની માલીકી કે કબજા ભોગવટાની હોવા અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ ન હોય, ત્યારે ફરિયાદ પક્ષના કેસ મુજબના બનાવવાળા સ્થળની માલીકી, કે કબજો ભોગવટો આરોપીનો હોવાનું ફરિયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી.

(૧૦) આમ, સદહુ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ પુરાવાઓ સંદર્ભે કરવામાં આવેલ મૂલ્યાંકન તથા ઉપરોકત વિગતે કરવામાં આવેલ ચર્ચા લક્ષમાં લેતાં, સદરહું કામનાં આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબનો ગુનો કરેલ હોવાનું ફરિયાદ પક્ષ દ્વારા નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ નથી. ત્યારે, ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાના આધારે સદરહુ કામે આરોપીને હાલના ગુના અન્વયે આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર

આવેલ ન હોય, ફરિયાદ પક્ષ સદરહુ કામનાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, ઉપરોકત વિગતે મુદૃા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદૃા નં.ર અન્વયે આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

સદરહુ કામનાં આરોપી માલાભાઈ ખીમાભાઈ વરમલ, જાતે–ગઢવી, ઉંમર વર્ષ. ૫૦, ધંધો : ડ્રાઈવિંગ, રહે. ભાટીયા ગામ, તા.કલ્યાણપુર, જિ.દેવભૂમિદ્ધારકાવાળાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબના આક્ષેપિત ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું કામે કબજે કરવામાં આવેલ પ્રોહી મુદૃામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

સદરહું કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ એ ની જોગવાઈ અનુસાર રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવો.

હુકમ, આજ રોજ તારીખ–૦૭, માહે–ઓકટોબર, સને– ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૧૦/૨૦૨૩.
કલ્યાણપુર.

(Mr. Mohmedsarfaraz Abdulkadar Shaikh)
GJ01628
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
તા. કલ્યાણપુર જી. દેવભુમિધ્વારકા.